# Official Spokesperson's response to a media query on the Joint Press Release of the China-Pakistan Foreign Ministers' strategic dialogue

August 22, 2020

# ચીન-પાકિસ્તાન વિદેશ મંત્રીઓનાં વ્યૂહાત્મક સંવાદનાં સંયુક્ત પ્રેસ રીલીઝ પરનાં મીડિયાનાં સવાલ પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

ઓગસ્ટ 22, 2020

**ચીન-પાકિસ્તાન વિદેશ મંત્રીઓનાં વ્યૂહાત્મક સંવાદનાં સંયુક્ત પ્રેસ રીલીઝ પરનાં મીડિયાનાં સવાલનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું:**

ભૂતકાળની જેમ જ, ચીન-પાકિસ્તાન વિદેશ મંત્રીઓનાં વ્યૂહાત્મક સંવાદનાં 2જા રાઉન્ડનનાં સંયુક્ત પ્રેસ રીલીઝમાં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મિરનાં સંદર્ભને અમે સ્પષ્ટ રીતે નકારીએ છીએ. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મિર ભારતનો અખંડ અને અનન્યસંક્રામ્ય હિસ્સો છે અને અમે સંબંધિત પક્ષો પાસેથી ભારતની આંતરિક બાબતોમાં દખલ નહીં કરવાની અપેક્ષા રાખીએ છીએ.

તદુપરાંત અમે તથાકથિત "ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર" પર અમારી સાતત્યપૂર્ણ સ્થિતિનું પણ પુનઃઉચ્ચારણ કરીએ છીએ. ભારતે કહેવાતા ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર પરની યોજનાઓ પર ચીન અને પાકિસ્તાન એમ બન્નેને તેની ચિંતાઓ વારંવાર વ્યક્ત કરી છે, જે પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબ્જો કરવામાં આવેલા ભારતનાં પ્રાંતમા છે. અમે પાકિસ્તાનનાં કબ્જામાં રહેલા જમ્મુ અને કાશ્મિરમાં યથાસ્થિતિમાં ફેરફાર થતો હોય તેવા અન્ય દેશોનાં કૃત્યોનો મક્કમ રીતે વિરોધ કરીએ છીએ અને સંબંધિત પક્ષોને આવા કૃત્યો બંધ કરવા આહ્વાન કરીએ છીએ.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 22, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.